**Divya Bhaskar**

**Edition:** Vadodara | **Date:** 16th February, 2013 | **Page No.:** 02

# ભારત સરકાર જ મોટી માફિયા છે : શિવ ખેરા

**ચાબખા**

## સરકાર પણ વીજળી કાપવાની, પાણી કાપવાની ધમકી આપીને લોકો પાસેથી પૈસા પડાવે છે

ભાસ્કર ન્યૂઝ. વડોદરા

'માફિયાનું કામ છે લોકોને ડરાવી ધમકાવીને પૈસા વસુલવા. ભારત સરકાર પણ વિજળી કાપવાની, પાણી કાપવાની ધમકી આપીને લોકો પાસેથી પૈસા પડાવે છે મારા અર્થમાં તો જો કોઈ મોટુ માફિયા હોય તો એ ભારત સરકાર જ છે' શહેરના મહેમાન બનેલા જાણીતા લેખક શિવ ખેરાએ બરોડા મેનેજમેન્ટ એસોસિયેશનમાં પત્રકારો સાથે વાત કરતા આ શબ્દો ઉચ્ચાર્યા હતા.

ભારતની પરિસ્થિતિ વિષે વાત કરતા તેમણે વધુમાં કહ્યું કે, 'ભારતમા ડેમોક્રેસી નથી હિપ્પોક્રેસી છે. શાંતિભૂષણ દ્વારા એફીડેવીટ ફાઈલ કરવામાં આવી છે તે મુજબ તેમનુ કહેવુ છે કે 16 માંથી 8 ચીફ જસ્ટીટ ભષ્ટ્ર છે. તેની ઈન્વેસ્ટીગેશન માટે એક મહિનામાં હું પી.આઈ.એલ ફાઈલ કરુ છું. ભષ્ટ્રાચાર આજનો મુદો નથી. ભારત 1947માં આઝાદ થયુ ત્યારે જ ભષ્ટ્રાચારના બીજને જવાહરલાલ નહેરુ દ્વારા રોપવામાં આવ્યા હતા. જવાહલાલ નહેરુએ એવા વ્યક્તિને મંત્રી પદનું સુકાન સોપી હતી, જે જીપ ખરીદી કૌભાંડના મુખ્ય સુત્રધાર હતા. મારા મતે તો જવાહરલાલ નહેરુ જ ભષ્ટ્રાચારના ગોડ ફાધર છે. ભારતના 20 થી 30 ટકા જજ ભષ્ટ્ર છે. આ બાબતે પી.આઈ. એલ ફાઈલ કરવાનું નક્કી કર્યુ તો મારો આ કેસ કોઈ પણ વકીલ લેવા તૈયાર નથી.' દેશને માત્ર 10 થી 12 વ્યક્તિઓ જ ચલાવે છે. પછી આપણે દેશને બિલ્ડ કરવાની વાત કરતી તો એ ક્યાથી સાર્થક થાય? એવુ કહેવાય છે કે આ સિસ્ટમમાં કોઈ સારા વ્યક્તિને ઘુસવા દેતુ નથી. પણ મારા મત પ્રમાણે એવુ નથી. જો કોઈ તેમની તાકાતથી સિસ્ટમને હલાવી શકતુ હોય તો તેમા ઘુસીને સિસ્ટમને પણ બદલી શકે છે. હવે આમ જનતા માટે આઝાદીની જંગ બની ગઈ છે' ગુજરાત વિષે વાત કરતા તેમણે જણાવ્યુ હતું કે,' ગુજરાતમાં પરિસ્થિતી દેશના બીજા રાજ્યો કરતાના સરેરાસ કરતા વધુ છે. અહીં વિકાસ જોઈ શકાય છે. ગ્રોથ બીજા રાજ્યો કરતા પણ વધારે છે, પણ એનો અર્થ એ નથી કે ગુજરાતમાં ભષ્ટ્રાચાર નથી.

### ગુજરાતમાં મનાઇ છતાં કોકટેલ પાર્ટી વધુ થાય છે




**શિવ** ખેરાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં લિકરની મનાઇ છે, પંણ સૌથી વધારે કોકલેટ પાર્ટી પણ અહીં જ થાય છે. નિયમ બધી જ જગ્યાએ સરખા હોવા જોઇએ. આજે ગુજરાતીઓના હાથમાં અમેરિકાની હોટેલ ઇન્ડસ્ટ્રીઓ છે. જે દેશની સચ્ચાઇ અને ઇમાનદારીની ભાવના ફેલાઇ છે તેનો મહત્ત્વનો ભાગ ગુજરાતી લોકોને જાય છે. આફ્રિકા દેશ પંજાબી અને ગુજરાતીઓથી ભરેલુ છે.